# Official Spokesperson's response to media queries regarding Chinese MFA Spokesperson’s comments on the Galwan valley incident

September 24, 2021

---

# ગલવાન ખીણની ઘટના અંગે ચીનના એફએફએના પ્રવક્તાની ટિપ્પણી અંગે મીડિયાના સવાલો પર સત્તાવાર પ્રવક્તાનો જવાબ

સપ્ટેમ્બર 24, 2021

**‘ગલવાન ખીણની ઘટના એટલા માટે બની કારણ કે ભારતે તમામ સંધિઓ અને કરારોનો ભંગ કરીને ચીનના પ્રદેશમાં ગેરકાયદે ઘુસણખોરી કરી અને સીમા રેખાને પાર કરી હતી’ તેવી ચીનના એમએફએના પ્રવક્તાની ટિપ્પણી પર મીડિયાના પ્રશ્નોના જવાબ આપતા વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે,**

અમે આવા નિવેદનોને નકારી કાઢીએ છીએ. ગયા વર્ષે પૂર્વ લડાખમાં એલએસી પર થયેલી ઘટનાઓ વિશે અમારી સ્થિતિ સ્પષ્ટ અને સાતત્યપૂર્ણ છે. ચીને આપણા તમામ દ્વિપક્ષીય કરારોનો ભંગ કરીને યથાવત સ્થિતિ બદલવાનો પ્રયાસ કર્યો હતો અને ઉશ્કેરણીજનક વર્તણૂક કરી હતી જેના કારણે શાંતિ અને સ્થિરતામાં ગંભીર ખલેલ પહોંચી હતી. તેના કારણે દ્વિપક્ષીય સંબંધોને પણ અસર થઈ છે. ચાલુ મહિને ભારતીય વિદેશ મંત્રીએ ચીનના વિદેશમંત્રી સાથેની બેઠકમાં ભાર મૂક્યો હતો તે મુજબ અમે એવી અપેક્ષા રાખીએ છીએ કે ચીન તમામ દ્વિપક્ષીય કરારો અને પ્રોટોકોલનું સંપૂર્ણપણે પાલન કરીને પૂર્વ લડાખમાં એલએસી પર બાકીના તમામ મુદ્દા ઉકેલવાની દિશામાં કામ કરશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 24, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.